# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે આજે મતદાન.**
2. **અમદાવાદ વિમાન દુર્ઘટનાના 208 મૃતકોના DNA નમૂના મેચ થયા. 173 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપાયા.**
3. **ગુજરાત રાજ્ય યોગ બોર્ડે ગત છ વર્ષમાં દોઢ લાખ પ્રશિક્ષકોને યોગની તાલીમ આપી.**
4. **સૌરાષ્ટ્ર અને કચ્છમાં આજે ભારે વરસાદની આગાહી , માછીમારોને આગામી 5 દિવસ દરિયો ન ખેડવા સૂચના.**
5. **રાજ્યમાં આજે સવારે ચાર વાગ્યા સુધીમાં 154 તાલુકામાં સાર્વત્રિક વરસાદ.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# KADI VISAVADAR ELECTION

મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક માટે આજે પેટા ચૂંટણી યોજાશે. કડી બેઠક માટે આઠ અને વિસાવદર બેઠક માટે કુલ 16 ઉમેદવાર માટે આજે મતદાન થશે. સવારે સાત વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલશે. કડી બેઠક પર કુલ બે લાખ 89 હજાર 856 મતદાર અને વિસાવદર બેઠક માટે બે લાખ 61 હજાર 92 મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. મહેસાણામાં દિવ્યાંગ મતદારો માટે મતદાન મથક પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

## (વૉઈસકાસ્ટ- જયંતી ચૌધરી, મહેસાણા પીટીસી)

ઉલ્લેખનીય છે કે , કડી અને વિસાવદર મત વિસ્તારમાં આજે મતદાનના કારણે જાહેર રજા રહેશે.

---

# DNA MATCHING UPDATE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 208 મૃતકના **DNA** નમૂના મેચ થયા છે. જ્યારે 173 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલના સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર રાકેશ જોષીએ ગઈકાલે માધ્યમોને માહિતી આપતા જણાવ્યું , 14 પરિવાર નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે. જ્યારે 12 પરિવાર બીજા સ્વજનના **DNA** મેચની રાહમાં છે.

શ્રી જોષીએ કહ્યું, 173 મૃતકોમાં 131 ભારતના નાગરિક, ચાર પોર્ટુગલના, 30 બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ છ નૉન પેસેન્જરનો સમાવેશ થાય છે.

---

# RUSHIKESH PATEL ON DNA PROCESSING

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના DNA મૅચ કરવા ગાંધીનગર ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા- FSLની ટુકડી દિવસરાત કામ કરી રહી છે. અત્યાર સુધી 208 મૃતકોના DNA નમૂના મૅચ થયા છે.

ગઈકાલે મંત્રીમંડળની બેઠક બાદ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે વધુ માહિતી આપતા કહ્યું , આ ઘટના બાદ અગ્નિશમન દળના 600થી વધુ જવાન અને સેનાના 670થી વધુ જવાન બચાવ કામગીરીમાં જોડાયા. શ્રી પટેલે DNA મૅચિંગની પ્રક્રિયા અંગે પણ વધુ માહિતી આપી.

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી, રાજ્ય સરકાર)**

---

# PLANE CRASH

અમદાવાદમાં બનેલી વિમાન દુર્ઘટનામાં સિવિલ હૉસ્પિટલ તંત્ર દ્વારા મૃતકોના પૉસ્ટમોર્ટમ અને ફૉરેન્સિક તપાસમાં અપનાવાયેલા ઉચ્ચ ધારાધોરણો અને વ્યવસ્થાપન નોંધપાત્ર છે. ફૉરેન્સિક મેડિસિન વિભાગના ડૉક્ટર ધર્મેશ સિલજિયાએ જણાવ્યું , આ દુર્ઘટનામાં દરેક ધારાધોરણ પ્રૉટોકોલ અને નિયત પ્રક્રિયાઓનું ચુસ્તપણે પાલન કરાયું , જેનો શ્રેય સિવિલ હૉસ્પિટલના નિષ્ણાત

તબીબો અને ફોરેન્સિક નિષ્ણાત ટુકડીને જાય છે. ત્વરિત પ્રક્રિયા હાથ ધરવા આરોગ્ય સેવાના 140 જેટલા તબીબને એકઠા કરાયા હતા.

શ્રી સિલજિયાએ કહ્યું , દુર્ઘટનાગ્રસ્ત વિમાનના પાઈલટ અને કો-પાઇલટના મૃતદેહનું પોસ્ટમોર્ટમ, વિમાન અકસ્માત તપાસ સંસ્થા- **AAIB**ના પ્રોટોકોલ મુજબ કરાયું હતું. જ્યારે દુર્ઘટનાના અન્ય હતભાગીઓના મૃતદેહની ઑટોપ્સી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત કરવામાં આવી.

---

# YOG BOARD TALIM

ગુજરાત રાજ્ય યોગ બોર્ડે ગત છ વર્ષમાં દોઢ લાખ પ્રશિક્ષકોને યોગની તાલીમ આપી છે.

સાંભળીએ એક અહેવાલ

## (વૉઈસ કાસ્ટ – નિકિતા શાહ)

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નામે બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પણ છે. તેમાં એક યોગ સત્રમાં એક લાખ 47 હજાર 952 લોકોએ ભાગ લીધો. જ્યારે 50 હજારથી વધુ લોકોએ સૂર્ય નમસ્કાર કર્યા હતા. બોર્ડના પ્રયાસને કારણે રાજ્યભરમાં પાંચ હજારથી વધુ સ્થળ પર દૈનિક યોગાભ્યાસની પ્રથા શરૂ થઈ અને પાંચ લાખથી વધુ નાગરિકને તેનો લાભ મળી રહ્યો છે. બોર્ડનું લક્ષ્ય ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં યોગનો પ્રસાર કરવા દૈનિક 50 હજાર વર્ગ અને 10 લાખ પ્રેક્ટિશનર્સને

તાલીમ આપવાનું છે. ઉપરાંત , બૉર્ડ રાજ્યમાં 51 સ્થળ પર "યોગ નિલયમ્" સ્ટૂડિયો સ્થાપિત કરશે.

**સમાચાર વિભાગથી નિકિતા શાહ, આકાશવાણી અમદાવાદ**

---

## STATE WEATHER

રાજ્યમાં ચોમાસાનું વિધિવત્ આગમન થયું છે. ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આજે ભારે વરસાદની આગાહી છે. તેમજ આજે અને આવતીકાલે સાર્વત્રિક ભારે વરસાદ યથાવત્ રહેશે તેમ હવામાન ખાતાના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન ખાતા)**

ઉપરાંત આજે સુરત, નવસારી, વલસાડ, ડાંગ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગર હવેલીમાં અતિભારે વરસાદની સંભાવના છે. વરસાદની આ આગાહીને પગલે માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

---

## RAIN DATA (PAGE 1)

રાજ્યમાં ગઈકાલે સવારે છ વાગ્યાથી આજે સવારના ચાર વાગ્યા સુધીમાં કુલ 154 તાલુકામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો. સત્તાવાર યાદી મુજબ , સૌથી વધુ આઠ ઈંચ જેટલો વરસાદ વલસાડના કપરાડા તાલુકામાં નોંધાયો. જ્યારે ડાંગના આહવા, સુબીર અને વઘઈ , વલસાડના ધરમપુર અને નવસારીના વાંસદા

તાલુકામાં પાંચથી સાડા સાત ઈંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે. આ સિવાયના તાલુકાઓમાં પાંચ ઈંચથી ઓછો વરસાદ વરસ્યો છે.

અમદાવાદમાં પણ મોડી રાતથી વરસાદી માહોલ જામ્યો છે અને હજી પણ વરસાદ ચાલુ જ છે.

પંચમહાલમાં ગત સાંજથી ગોધરા શહેર સહિતના વિસ્તારમાં વરસાદ વરસ્યો. અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે , ગોધરા શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા.

દેવભૂમિદ્વારકામાં ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લા તંત્ર સાવચેત બન્યું છે. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે, રાજ્ય સરકાર દ્વારા જિલ્લા માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- **NDRF**ની એક ટુકડી ફાળવવામાં આવી છે.

પોરબંદરમાં ભારે વરસાદની આગાહીને પગલે **NDRF**ની 30 જવાનની એક ટુકડી બોલાવવામાં આવી છે. તેમજ 200 જેટલા આશ્રય સ્થાન બનાવવાની તૈયારી કરવામાં આવી હોવાનું અમારા પ્રતિનિધિ મહેશ લુક્કાએ જણાવ્યું.

બીજી તરફ , કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભણિયાએ ગઈકાલે બોટાદ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી. તેમણે લાઠીદડ પાસે એક કારમાં તણાયેલા નાગરિકોના સ્વજનોને સાંત્વના પાઠવી. બચાવ કામગીરી દરમિયાન મળેલા મૃતદેહને તેમના પરિવારજનોને સોંપાયા.

ડાંગ જિલ્લામાં વરસાદી માહોલ જામતા ચાર લોકમાતા અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગિરામાં નવા નીરની આવક વધી છે. નદી , ઝરણાં અને ધોધ ફરી જીવંત

બન્યા છે. અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે , ગત 24 કલાકમાં સૌથી વધુ 10 ઈંચ જેટલો વરસાદ નોંધાયો.

---

# SANGHAVI BETHAK

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સઘવીએ અમદાવાદમાં યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાની તૈયારીઓ અંગે રાજ્ય પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે ગઈકાલે બેઠક યોજી. તેમણે રથયાત્રા સુખદ અને શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે કરાયેલી તૈયારીઓની પણ સમીક્ષા કરી.

અન્ય એક બેઠકમાં શ્રી સંઘવીએ રાજ્યમાં 21 જૂને યોગ દિવસની ઉજવણી અંગેની તૈયારીઓની સમીક્ષા કરી. તેમણે વિવિધ ખાતાના ઉચ્ચ અધિકારીઓ સાથે અને અન્ય જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી આયોજનલક્ષી ચર્ચા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના દરેક જિલ્લા તથા મહાનગરમાં આ વર્ષે "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા-મુક્ત ગુજરાત" અંતર્ગત 11-મા આંતર-રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થશે.

---